**આંક-૧૨ ની અરજી લગત હુકમ**

(૧) આ અરજી મુળ ફરીયાદી તરફે અરજી માં જણાવ્યા મુજબ ની વિગતે આરોપીઓ વિરૂદ્ઘ બીન જામીનપાત્ર વોરંટ ઇસ્યુ કરવાની અરજ સાથે આપેલ છે.અરજી અન્વયે ફરીયાદપક્ષ તેમજ આરોપીઓ તરફે ની દલીલો સાંભળી. આ હુકમ અરજી લગત કરવામાં આવતો હોવા થી અરજી ની હકીકતો નું પુનરાવર્તન કરેલ નથી.

(૨) આ કેસ માં આરોપીઓ વિરૂદ્ઘ બી.એન.એસ.ની ૮૫,૨૯૬,૧૧૫(૨),૫૪ અને દહેજ પ્રતિબંધક અધીનીયમ ની કલમ.૩ અને ૭ મુજબ ચાર્જશીટ કરવા માં આવેલ છે. સદરહુ કેસ ચાર્જ ફ્રેમ રાખેલ અને દરમ્યાન હાલ ની અરજી તેમજ અન્ય અરજીઓ રજુ થયેલ છે. આ કેસ માં આરોપીઓ તેઓ ના વકીલશ્રી મારફતે હાજર થયેલ છે. આ કેસ માં હાલ ની અરજી તેમજ અન્ય અરજીઓ ની તકરાર લક્ષ માં લેતા,આ અરજીઓ નો પ્રથમ નિર્ણય કરવાનુ ઠરાવવામાં આવેલ હતુ અને ત્યારબાદ ચાર્જ ફ્રેમ કરવાનુ ઠરાવવામાં આવેલ. આ કેસ માં આરોપીઓ ની ગેરહાજરી સબબ કેસ ની કાર્યવાહી વિલંબીત થયેલ નથી તેમ રેકર્ડ પર થી સ્પષ્ટ થાય છે.આ ઉપરાંત દરેક ક્રીમીનલ કેસ માં આરોપીઓ તરફે ઓળખ અંગે ની તકરાર ના હોય તો આરોપીઓ ની ગેરહાજરી માં પણ કેસ કાર્યવાહી આગળ ચલાવી શકાય છે અને કેસ ની કાર્યવાહી માં પુરાવા નોંધવા માં આવે તે મહત્વનુ છે. હાલ ના કેસ માં પણ આરોપીઓ ની ગેરહાજરી સબબ કેસ ની કાર્યવાહી નુ કોઇ સ્ટેજ અટકતુ નથી અને આરોપીઓ ના વકીલશ્રી પણ હાજર રહે છે.આમ, માત્ર ક્રીમીનલ કેસ હોવા થી દરેક કેસ માં આરોપી ને હાજર રાખવા ફરજ પાડી શકાય નહી પરંતુ માત્ર આરોપી ની ગેરહાજરી થી કેસ ની કાર્યવાહી વિલંબીત થતી હોય તો જ આરોપી ને હાજર રાખવા વોરંટ ઇસ્યુ કરી શકાય. આમ,હાલ ના કેસ માં રેકર્ડ લક્ષ માં લેતા,આરોપીઓ ની ગેરહાજરી સબબ કેસ ની કોઇ કાર્યવાહી અટકેલી નથી અને તે સંજોગો માં આ અરજી ટકવાપાત્ર રહેતી નથી તેમ ઠરાવી, અરજી અન્વયે નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

// આખરી હુકમ //

આથી,આ અરજી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ.૧૨,માહે.જુન,સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

[દર્શકકુમાર દિનેશંચદ્ર શાહ]
૫ માં એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૧), અમદાવાદ સીટી

અમદાવાદ

Code : GJ00956